## સરકારી વકીલો (ક્રાઉન પ્રોસીક્યુટર્સ) માટે કાયદાકાનૂન (કોડ)

*ક્રાઉન પ્રોસીક્યુશન સર્વીસ (સરકારી મુકદ્દમો માંડનાર સંસ્થા)એ ઇંગ્લેન્ડ અને વેઇલ્સ માટે પ્રીન્સીપલ પબ્લીક પ્રોસીક્યુટીંગ ઓથોરીટી (મુકદ્દમો ચલાવનારી મૂખ્ય જાહેર અધિકારી સંસ્થા) છે અને એના મુખ્ય અધિકારી ડાયરેક્ટર ઓફ પબ્લીક પ્રોસીક્યુશન્સ છે. આ સંસ્થા માટે એટર્ની જનરલ પાર્લામેન્ટને જવાબદાર છે.*

*ક્રાઉન પ્રોસીક્યુશન સર્વીસ એ એક 42 ક્ષેત્રોની બનેલી રાષ્ટ્રીય સંસ્થા છે. દરેક ક્ષેત્રના મુખ્ય અધિકારી એક ચીફ ક્રાઉન પ્રોસીકયુટર છે અને એનો સંબંધ એક પુલીસદળના ક્ષેત્ર સાથે છે, અને લંડન માટે એક છે. પુલીસ દ્વારા જે કીસ્સાઓની તપાસણી થઇ હોય તેમાં મુકદ્દમા ચલાવવા માટે 1986 માં એની સ્થાપના થઇ હતી.*

*ક્રાઉન પ્રોસીક્યયુશન સર્વીસ પુલીસ સાથે નિકટથી મળીને કામ કરે છે પણ તેનાથી સ્વતંત્ર છે.ક્રાઉન પ્રોસીક્યુશન સર્વીસનું સ્વાતંત્ર્ય બંધારણની રીતે પ્રાથમિક અગત્યતાવાળું છે. ન્યાય , નિષ્પક્ષતા અને એકનિષ્ઠાથી લેવાએલા ખટલાકામના નિર્ણયોથી ગુનાના ભોગ બનેલી વ્યક્તિઓ, સાક્ષીઓ, બચાવપક્ષવાળાઓ અને જનતાને ન્યાય પહોંચડવામાં મદદ થાય છે.*

*ન્યાયદાનનાં બીજાં ક્ષેત્રો માટેની તપાસણી કરતી અને મુકદ્દમા ચલાવતી કચેરીઓ સાથે ક્રાઉન પ્રોસીક્યુશન સર્વીસ સહકાર આપે છે.*

*મુકદ્દમા બાબત નિર્ણયો લેતા સમયે જે સામાન્ય સિદ્ધાંતો લગાડવાના હોય તે બાબત ક્રાઉન પ્રોસીક્યુટરો માટે માર્ગદર્શન આપતા કાયદાકાનૂનો બહાર પાડવા માટે , ગુનાઓના મુકદ્દમાનો કાયદો 1985 ના વિભાગ 10 હેઠળ,ડાયરેક્ટર ઓફ પબ્લીક પ્રોસીક્યુશન્સ જવાબદાર છે. કાયદાકાનૂનની આ પાંચમી આવૃત્તિ છે અને તે આગળના વૃત્તાંતોનું સ્થાન લે છે. આ કાયદાકાનૂનના હેતુ માટે, 'ક્રાઉન પ્રોસીક્યુટર'માં ડાયરેક્ટર ઓફ પબ્લીક પ્રોસીક્યુશન્સ દ્વારા નિમાએલા અને એ વિભાગ હેઠળ સત્તાઓનો ઉપયોગ કરતા ક્રાઉન પ્રોસીક્યુશન સર્વીસના કર્મચારી સભ્યોનો સમાવેશ થાય છે.*

*©ક્રાઉન કોપી રાઇટ 2004*
*આ કાયદાકાનૂનની નકલો મેળવવા માટેની અરજીઓ*
*ક્રાઉન પ્રોસીક્યુશન સર્વીસને કરવી જોઇએ.*

### 1 પ્રસ્તાવના

**1.1** *કોઇ વ્યક્તિ ઉપર મુકદ્દમો ચલાવવાનો નિર્ણય એ એક ગંભીર પગલું છે. કાયદા અને જાહેર વ્યવસ્થા જાળવવા માટે ન્યાયી અને અસરકારક મુકદ્દમો જરૂરી છે. એક નાના કેસમાં પણ એક મુકદ્દમાના સૂચિત પરિણામો ગંભીર છે - ગુનાના ભોગ બનેલી વ્યક્તિઓ, સાક્ષીઓ અને બચાવપક્ષવાળાઓ માટે. ક્રાઉન પ્રોસીક્યુશન સર્વીસ ક્રાઉન પ્રોસીક્યુટરો માટેના કાયદાકાનૂન લાગુ પાડે છે કે જેથી તે મુકદ્દમાઓ બાબત ન્યાયી અને સુસંગત નિર્ણયો લઇ શકે.*

**1.2** *આ કાયદાકાનૂન ક્રાઉન પ્રોસીક્યુશન સર્વીસને ન્યાય બરાબર થાય તેની ખાતરી કરવા માટે પોતાનો ભાગ ભજવવામાં મદદરૂપ થાય છે.તેમાં જે માહિતી છે તે પુલીસ ઓફીસરો અને બીજાંઓ જે ફોજદારી ન્યાયની પદ્ધતિઓમાં કામ કરતાં હોય અને સામાન્ય જનતા માટે અગત્યની છે.*

**1.3** *આ કાયદાકાનૂનની રચના એવી રીતે થઇ છે કે જેથી દરેક વ્યક્તિને ખબર પડે કે ક્રાઉન પ્રોસીક્યુશન સર્વીસ પોતાનું કામ કરતી વખતે કયા સિદ્ધાંતો લાગુ પાડે છે.એ જ સિદ્ધાંતો લગાડવાથી આ પદ્ધતિમાં સમાવિત થએલી દરેક વ્યક્તિ ગુનાઓના ભોગ બનેલી વ્યક્તિઓ, સાક્ષીઓ અને બચાવપક્ષવાળાઓને મકદ્દમા ચલાવતા સમયે ન્યાયથી વર્તવામાં મદદરૂપ થાય છે.*

## 2 સામાન્ય સિદ્ધાંતો

2.1 દરેક કેસ અજોડ છે અને એની વિચારણા એની પોતાની હકીકતો અને ગુણવત્તાઓ ઉપર આધારિત રીતે થવી જ જોઇએ. પરંતુ, ક્રાઉન પ્રોસીક્યુટર્સોએ દરેક કેસને કેવી રીતે પહોંચવો જોઇએ તેને લાગુ પડતા સિદ્ધાંતો છે જ.

2.2 ક્રાઉન પ્રોસીક્યુટર્સ ન્યાયી, સ્વતંત્ર અને ધ્યેયલક્ષી હોવા જોઇએ. એમણે જાતિગત અથવા રાષ્ટ્રીય મૂળ સંબંધી , અપંગતા, લિંગ, ધાર્મિક માન્યતાઓ, રાજકીય મતો અથવા શકદાર વ્યક્તિની જાતીય વૃત્તિ બાબતના પોતાના અંગત અભિપ્રાયોની અસર પોતાના નિર્ણયો ઉપર બીલકુલ થવા દેવી ન જોઇએ. કોઇ પણ મૂળથી આવતા અયોગ્ય અથવા વધુ પડતા દબાણથી પોતાના ઉપર ખરાબ અસર થવા દેવી ન જોઇએ.

2.3 ક્રાઉન પ્રોસીક્યુટર્સની એ ફરજ છે કે યોગ્ય વ્યક્તિ ઉપર યોગ્ય ગુના માટે મુકદ્દમો થાય તેની ખાતરી કરે. એમ કરવામાં, ક્રાઉન પ્રોસીક્યુટર્સોએ હંમેશાં ન્યાયના હિતમાં કાર્ય કરવું જોઇ અને નહીં કે માત્ર ગુનો સાબિત કરવાના હેતુથી.

2.4 ક્રાઉન પ્રોસીક્યુટરોએ તપાસણી અને મુકદ્દમાની સમસ્ત કાર્યપદ્ધતિ દરમિયાન તપાસકોને માર્ગદર્શન અને સલાહ પૂરા પાડવાં જોઈએ. આમાં તપાસણીની રીતો, પૂરાવા બાબતની જરૂરિયાતો અને આરોપ પૂર્વેની કાર્યપદ્ધતિઓમાં સહાયતાનો સમાવેશ થાય છે.ક્રાઉન પ્રોસીક્યુટરો પૂરાવાની ખામીઓને ઓળખવામાં અને, જ્યાં બની શકે ત્યાં , સુધારવામાં અને વધુ તપાસણીથી જે કેસોને મક્કમ ન કરી શકાય તેમનો વહેલો અંત આણવામાં પૂર્વવિચારકતાથી કાર્યશીલ રહેશે.

2.5 ક્રાઉન પ્રોસીક્યુટર્સોની ફરજ છે કે કાયદાનો અમલ થાય તેની ખાતરી કરીને , કોર્ટ સમક્ષ બધા પ્રસ્તુત પુરાવા રજુ કરીને અને કાયદાકાનૂનમાં મૂકાવેલા સિદ્ધાંતો પ્રમાણે ઘટસ્ફોટની શરતોનો અમલ કરીને, અવલોકન કરવું, કેસોમાં સલાહ આપવી અને ખટલો કરવો.

2.6 ક્રાઉન પ્રોસીક્યુશન સર્વીસ એ હ્યુમન રાઇટ્સ એક્ટ( માનવ અધિકારોનો કાયદો ) 1998 ના હેતુઓ માટે એક જાહેર અધિકારી સંસ્થા છે. ક્રાઉન પ્રોસીક્યુટરોએ માનવ અધિકારોની યુરોપીઅન પ્રણાલિના સિદ્ધાંતોને કાયદા મુજબ અમલ કરવા જ જોઇએ.

## 3. મુકદ્દમો કરવાનો નિર્ણય

3.1 મોટા ભાગના કેસોમાં, કોઇ એક વ્યક્તિ ઉપર ફોજદારી આરોપ મૂકવો કે નહી, અને જો તેમ હોય તો, આરોપ કયો હોવો જોઇએ તેના માટે ક્રાઉન પ્રોસીક્યુટરો જવાબદાર છે. ક્રાઉન પ્રોસીક્યુટરો આ નિર્ણયો આ કાયદાકાનૂન અને ડાયરેક્ટરના આરોપણ બાબતના માર્ગદર્શન પ્રમાણે કરે છે. એવા કેસોમાં કે જે સામાન્ય રીતે નાના અને ચાલુ હોય અને પુલીસે આરોપ નક્કી કરવાનો હોય, તેમાં એ જ જરૂરિયાતો લગાડવામાં આવે છે.

3.2 ક્રાઉન પ્રોસીક્યુટરો સંપૂર્ણ ક્રાયદાકાનૂનની પરિક્ષા(ફુલ્લ કોડ ટેસ્ટ) (જૂઓ નીચે વિભાગ 5) પ્રમાણે આરોપણના નિર્ણયો લે છે, સિવાય કે એવા અપવાદરૂપ સંજોગોમાં કે જેમાં પ્રારંભની પરિક્ષા( થ્રેશહોલ્ડ ટેસ્ટ) લાગુ પડે છે (જૂઓ નીચે વિભાગ 6).

3.3 થ્રેશહોલ્ડ ટેસ્ટ એવા કેસમાં લાગુ પડે છે કે જેમાં શકદાર આરોપણ પછી હવાલામાં હોય, પણ ફુલ્લ કોડ ટેસ્ટ લગાડવા માટે પૂરાવા હજી ઉપલભ્ય ન હોય.

3.4 જ્યારે ક્રાઉન પ્રોસીક્યુટર થ્રેશગોલ્ડ ટેસ્ટ પ્રમાણે આરોપણનો નિર્ણય લે છે , ત્યારે ફુલ્લ કોડ ટેસ્ટ પ્રમાણે વાજબીપણાથી વ્યવહારૂ હોય ત્યારે તપાસણીની પ્રગતિ ધ્યાનમાં લઇને જેમ બને તેમ જલ્દીથી અવલોકન કરવું જોઇએ.

## 4. અવલોકન

4.1 પુલીસ તરફથી ક્રાઉન પ્રોસીક્યુશન સર્વીસને મળતા દરેક કેસનું અવલોકન કરવામાં આવે છે જેથી મુકદ્દમો શરૂ કરવો તે યોગ્ય છે કે નહીં તે નક્કી કરી શકાય. સિવાય કે થ્રેશહોલ્ડ ટેસ્ટ લાગુ પડે, ક્રાઉન પ્રોસીક્યુશન સર્વીસ તો જ મુકદ્દમો શરૂ કરશે અથવા ચાલુ રાખશે કે જો કેસ ફુલ્લ કોડ ટેસ્ટના બન્ને તબક્કા પસાર કરી ચૂક્યો હોય.

4.2 અવલોકન એ સતત ચાલુ રહેતી ક્રિયા છે અને ક્રાઉન પ્રોસીક્યુટરોએ સંજોગોમાં કોઇ પણ ફેરફાર થાય તેને ધ્યાનમાં લેવા જોઇએ. જ્યાં બની શકે ત્યાં, એ જો આરોપ બદલવાનો અથવા તો કેસ અટકાવવાનો વિચાર કરતા હોય તો એમણે પુલીસ સાથે પહેલાં વાત કરવી જોઇએ. ક્રાઉન પ્રોસીક્યુકશન સર્વીસને એમ હોય કે કોઇ વધારાનો પુરાવો કેસને મજબૂત બનાવી શકે એમ છે તો પણ એમણે પુલીસને જણાવવું જોઇએ.આનાથી પુલીસને વધુ માહિતી પૂરી પાડવાની તક મળે છે કે જેનાથી નિર્ણય ઉપર અસર પડી શકે છે.

4.3 ક્રાઉન પ્રોસીક્યુશન સર્વીસ અને પુલીસ નિકટતાથી કામ કરે છે , પણ કોઇ આરોપ અથવા કેસ આગળ વધે કે નહીં તેની અંતિમ જવાબદારી ક્રાઉન પ્રોસીક્યુશન સર્વીસની છે.

**5 ફુલ્લ કોડ ટેસ્ટ**

5.1 ફુલ્લ કોડ ટેસ્ટના બે તબક્કા છે.પહેલો તબક્કો એ છે કે પુરાવા બાબત વિચારણા કરવી. જો કેસ પુરાવાનો તબક્કો પસાર ન કરે તો એનો આરંભ ન જ થવો જોઇએ, પછી ભલે તે ગમે એટલો અગત્યનો અથવા ગંભીર હોય. જો કેસ પુરાવાનો તબક્કો પસાર કરે તો., ક્રાઉન પ્રોસીક્યુટરોએ બીજા તબક્કાની શરૂઆત કરવી જ જોઇએ અને નક્કી કરવું જોઇએ કે મુકદ્દમો જનતાના હિતમાં જરૂરી છે કે નહીં. પુરાવાના અને જનહિતના તબક્કા નીચે સમજાવવામાં આવ્યા છે.

**પૂરાવાનો તબક્કો**

5.2 કાઉન પ્રોસીક્યુટરો એ બાબત સંતુષ્ટ હોવા જ જોઇએ કે દરેક આરોપી સામે અને દરેક આરોપ સામે 'ગુનેગારી ઠરાવનારા નિર્ણયની વાસ્તવિક શક્યતા' છે . બચાવપક્ષવાળાનો કેવો કેસ હોઇ શકે અને એની અસર ફરિયાદપક્ષના કેસ ઉપર કેવી પડી શકે એની વિચારણા એમણે કરવી જ જોઇએ.

5.3 ગુનેગારી ઠરાવનારા નિર્ણયની શક્યતા એ એક ધ્યેયલક્ષી કસોટી (ટેસ્ટ) છે. એનો અર્થ એ કે, જો જ્યુરી અથવા મેજીસ્ટ્રેટોની બેઠક અથવા જજ, ન્યાય પ્રમાણે યોગ્યતાથી દોરવાઇને , આ એક જ કેસને સાંભળતા હોય તો ,જે આરોપ મૂકવામાં આવ્યો હોય તે માટે આરોપીને દોષિત ઠરાવવા માટેની શક્યતા ન હોય તેના કરતાં હોય એ વધારે છે. આ એક જુદી ટેસ્ટ છે કે જે ફોજદારી કોર્ટોએ પોતે જ વાપરવી જોઇએ. કોઇ કોર્ટે તો જ ગુનો ઠરાવવો જોઇએ કે જો તે સંતુષ્ટ હોય જેથી તેને આરોપીના દોષની ખાતરી હોય.

5.4 મુકદ્દમા માટે પુરતા પુરાવા છે કે નહીં તે નક્કી કરતી વખતે ક્રાઉન પ્રોસીક્યુટરોએ એ વિચારવું જ જોઇએ કે પુરાવો વાપરી શકાય તેમ છે કે નહીં અને આધારને લાયક છે કે નહીં.

**પુરાવો કોર્ટમાં વાપરી શકાય એમ છે કે નહીં ?**

a. એ શક્ય છે કે કોર્ટ પુરાવાને બાકાત કરશે ? કાયદાના અમુક નિયમો છે જેનાથી એવો અર્થ થઇ શકે કે જે પુરાવો પ્રસ્તુત લાગે તેને મુકદ્દમામાં ન આપી શકાય. દા.ત. એ શક્ય છે કે પુરાવાને બાકાત કરવામાં આવશે કારણ કે એને અમુક રીતે મેળવવામાં આવ્યો હતો ? તેમ હોય તો, બીજો પુરતો પુરાવો છે કે જેથી ગુનેગારીના ઠરાવના નિર્ણયની વાસ્તવિક શક્યતા હોય ?

**પુરાવો આધારને લાયક છે ?**

b. એવો કોઇ પુરાવો છે કે જે આધાર લાયક ગુનાની કબુલાતને ટેકો આપે અથવા ઘટાડે ? એ આધારપાત્રતાને આરોપીની ઉમર, બુદ્ધિમતા અથવા સમજશક્તિની કક્ષા જેવા કારણોથી અવળી અસર પહોંચી શકે છે ?

c. આરોપીએ શો ખુલાસો આપ્યો છે ? પુરાવાને સંપૂર્ણપણે જોતાં કોર્ટ એને માનવા લાયક ગણશે ? એ નિર્દોષ સમજાવટને ટેકો આપે છે ?

d. જો આરોપીની ઓળખ બાબત પ્રશ્નો પૂછવાની શક્યતા હોય, તો એ માટેના પુરાવા પુરતા મજબૂત છે ?

e. સાક્ષીની પશ્ચાદભૂમિકા ફરિયાદપક્ષનો કેસ નબળો કરી શકે છે ? દા.ત. સાક્ષી પાસે એવો કોઇ હેતુ છે કે જેનાથી, તેના અથવા તેણીના, કેસ તરફના વલણને અવળી અસર થાય, અથવા કોઇ ભૂતકાળના પ્રસ્તુત દોષિત હોવાના ઠરાવ છે ?

f. સાક્ષીની ચોક્કસાઇ અથવા વિશ્વસનીયતા વિષે કોઇ ચિંતા છે ? પુરાવા ઉપર આધારિત અથવા તો કોઇ ટેકા વગરની માહિતી ઉપર આ ચિંતાનો પાયો છે ? એવો કોઇ વધારાનો પુરાવો છે કે જે શોધવા માટે પુલીસને પૂછવામાં આવે કે જેથી સાક્ષીના હેવાલને ટેકો મળે અથવા એમાં ઘટાડો થાય ?

**5.5** કાઉન પ્રોસીક્યુટરોએ પોતાને ખાતરી ન હોય કે એને વાપરી શકાશે કે નહીં અથવા તો વિશ્વસનીય છે કે નહીં એવા પુરાવાની અવગણના ન કરવી જોઇએ. પણ એમણે ગુનેગારીના વાસ્તવિક ઠરાવની શક્યતા બાબત નિર્ણય લેતી વખતે એને બારીકાઈથી જોવા જોઇએ.

**જનતાના હિતનો તબક્કો**

**5.6** 1951 માં , લોર્ડ શોક્રોસ, જે એટર્ની જનરલ હતા, એમણે જનતાના હિત વિષે શ્રેષ્ઠ કોટિનું કથન કર્યું જેને ત્યારબાદના બધાં એટર્ની જનરલોએ ટેકો આપ્યો છે : "આ દેશમાં કદી એવો નિયમ નથી રહ્યો - અને હું આશા રાખું છે કે કદી પણ ન હોય - કે ધારેલા ફોજદારી ગુનાઓ આપોઆપ મુકદ્દમાના વિષય બને". (હાઉસ ઓફ કોમન્સની ચર્ચાઓ, ખંડ 483 , કોલમ 681 , 29 મી જાન્યુઆરી 1951.)

**5.7** જેમાં ગુનેગારીના ઠરાવના નિર્ણય માટે પૂરતું હોય એવા દરેક કેસમાં જનતાનું હિત વિચારવું જ જોઇએ. કોઇ એવા ખાસ કેસમાં ભલે એવા ઠરાવમાં જનતાના હિતનાં કારણો હોય, તો પણ મુકદ્દમો આગળ વધવો જોઇએ અને એ કારણો સજા ફરમાવતા સમયે કોર્ટ સમક્ષ વિચારણ માટે રજુ કરવા જોઇએ. મુકદ્દમો સાધારણ રીતે થશે જ , સિવાય કે એની વિરુદ્ધ જનહિતના કારણો હોય કે જે એની તરફેણના કારણોથી સ્પષ્ટ રીતે વજનમાં અધિક હોય, અથવા તો કેસના બધાં સંજોગોમાં એમ વધારે યોગ્ય લાગે કે એ વ્યક્તિને મુકદ્દમામાંથી અન્ય દિશામાં દોરી દેવા જોઇએ (નીચે વિભાગ 8 જૂઓ ).

**5.8** કાઉન પ્રોસીક્યુટરોએ મુકદ્દમાની વિરુદ્ધના અને તરફેણના કારણોની સમતુલના સંભાળથી અને ન્યાયપૂર્વકતાથી કરવી જ જોઇએ. જનહિતના કારણો કે જે મુકદ્દમા વિષેના નિર્ણયને અસર કરે તેનો આધાર સામાન્ય રીતે ગુનાની ગંભીરતા ઉપર હોય છે અથવા તો શંકાદારના સંજોગો ઉપર. અમુક કારણો મુકદ્દમાની જરૂરિયાતમાં વધારો કરે છે પણ બીજાં કદાચ એ સૂચવે કે બીજું કોઇ પગલું બહેતર હોઇ શકે.

**મુકદ્દમાની વિરુદ્ધમાં અને તરફેણમાં અમુક સામાન્ય જનહિતનાં કારણોની સૂચિઓ નીચે આપી છે, પણ તે સંપૂર્ણ નથી. જે કારણો લાગુ પડે તેનો આધાર દરેક કેસની હકીકતો ઉપર રહેશે.**

**અમુક સામાન્ય જનહિતનાં કારણો મુકદ્દમાની તરફેણમાં.**

**5.9** જેમ ગુનો વધારે ગંભીર તેમ એ વધુ શક્ય છે કે જનતાના હિતમાં મુકદ્દમાની જરૂર પડશે. મુકદ્દમાની જરૂરિયાત હોઈ શકે છે કે જો :

a અર્થપૂર્ણ સજા માટે ગુનેગારીનો ઠરાવ શક્ય છે;

b જપ્તી અથવા બીજા કોઇ હુકમ માટે ગુનેગારીનો ઠરાવ શક્ય છે

c ગુનો થતાં સમયે હથિયાર વાપરવામાં આવ્યું હતું અથવા હિંસાની ધમકી આપવામાં આવેલી;

d જનતાની સેવા કરતી કોઈ વ્યક્તિની સામે ગુનો કરવામાં આવેલો (દા.ત. કોઈ પોલીસ અથવા જેલ ઓફીસર અથવા કોઈ નર્સ);

e આરોપી કોઈ અધિકારયુક્ત અથવા વિશ્વાસયુક્ત પદ ઉપર હોય;

f પુરાવો એમ બતાવે કે આરોપી કોઈ ગુનેગારી ટુકડીનો અગ્રેસર હતો અથવા કોઈ ગુનાઓનો વ્યવસ્થાપક હતો;

g પુરાવો એમ બતાવે કે ગુનો પૂર્વયોજિત હતો;

h એવો પુરાવો છે કે ગુનો કોઈ જૂથે કર્યો છે;

i ગુનાનો ભોગી રક્ષાહીન હતો, ગણનાપાત્ર ભયમાં મૂકવામાં આવ્યો છે, અથવા તો અંગત હુમલો, નુકસાન અથવા ખળભળાટનો ભોગ બન્યો છે;

j કોઇ બાળકની હાજરીમાં અથવા એની નજીકમાં ગુનો કરવામા આવ્યો હતો;

k ગુનાનો આશય હતો ગુનાના ભોગી તરફ કોઈ પણ જાતનો ભેદભાવ કરવો, આ કારણે : જાતિ અથવા રાષ્ટ્રીય મૂળ, અપંગપણુ, લિંગ, ધાર્મિક માન્યતાઓ, રાજકીય મતો અથવા જાતીય વૃત્તિ, અથવા તો શકદારે ગુનાના ભોગી તરફ ઉપરની કોઈ પણ ખાસિયતો થકી , આક્રમક વૃત્તિ દર્શાવી હોય;

l આરોપી અને ગુનાના ભોગીની સાચી અને માનસિક વયમાં નોંધપાત્ર ફરક છે , અથવા તો ભ્રષ્ટાચારનો કોઈ અંશ છે;

m આરોપીના પહેલાનાં ગુનાના ઠરાવો અથવા ચેતવણીઓ આ ગુનામાં પ્રસ્તુત છે;

n આરોપીએ આ ગુનો કોર્ટના હુકમ હેઠળ હોઈને કર્યાનો આરોપ છે;

o એવાં કારણો છે કે ગુનાઓ ચાલુ રહેશે અથવા ફરીથી થશે, દા.ત. વર્તણુકના પુનરાવર્તનનો એક ઈતિહાસ છે;

p આ ગુનો, પછી ભલે પોતે ગંભીર ન હોય, પણ જ્યાં કરવામાં આવ્યો હતો તે લતામાં વ્યાપક છે;અથવા

q મુકદ્દમાને લીધે જનતાના વિશ્વાસને જાળવવામાં અર્થપૂર્ણ અને સારી અસર થશે;

**અમુક જનહિતનાં કારણો મુકદ્દમાની વિરુદ્ધમાં**

**5.10** મુકદ્દમાની શક્યતા ઓછી છે કે જો :

a કોર્ટ નામશેષ સજા ફરમાવે એ શક્ય છે;

b આરોપી એક સજાનો વિષય બની ચૂક્યો છે અને કોઈ પણ વધારાના ગુનાના ઠરાવને લીધે વધારાની સજાની અથવા હુકમની શક્યતા નથી, સિવાય કે એ ગુનાનો પ્રકાર એવો છે કે એના માટે ગુનાના ઠરાવની જરૂર છે અથવા તો આરોપી કોઈ ગુનાને લક્ષમાં લેવાની સંમતિ પાછી ખેંચી લે છે.

c કોઈ સાચી ભુલ અથવા ગેરસમજને લીધે ગુનો કરવામાં આવ્યો હોય ( આ કારણોની સમતુલના ગુનાની ગંભીરતા સામે થવી જ જોઇએ);

d ખોટ અથવા ઈજાને નજીવી તરીકે વર્ણવી શકાય અને કોઈ એક બનાવના કારણે થઈ હતી, ખાસ કરીને જો એ વિવેકબુદ્ધિના અભાવને કારણે થઈ હોય;

e ગુનો બન્યાને અને ખટલાની તારીખ વચ્ચે લાંબા સમયનો ગાળો છે, સિવાય કે :

- ગુનો ગંભીર છે;
- ઢીલ અમુક ભાગે આરોપીથી થઈ છે;
- ગુનો તાજેતરમાં જ નજરમાં આવ્યો છે; અથવા
- ગુનાની જટિલતાને કારણે લાંબી તપાસણી થઈ છે ;

f મુકદ્દમાને કારણે ગુનાના ભોગીની માનસિક અથવા શારીરિક સ્વસ્થતા ઉપર ખરાબ અસર થઈ શકે છે, પણ સાથે ગુનાની ગંભીરતા ધ્યાનમાં રાખવી;

g આરોપી વૃદ્ધ છે અથવા તો, ગુનાના સમયે, અર્થપૂર્ણ માનસિક અથવા શારીરિક બિમારીમાં હોય, સિવાય કે ગુનો ગંભીર છે અથવા એવી ખરી શક્યતા છે કે ફરીથી કરવામાં આવે. જ્યારે જરૂરી હોય ત્યારે ક્રાઉન પ્રોસીક્યુશન સર્વીસ માનસિક બિમારીવાળા ગુનેગારો માટે હોમ ઓફીસનું માર્ગદર્શન વાપરે છે. કાઉન પ્રોસીક્યુટરોએ અર્થપૂર્ણ માનસિક અથવા શરીરિક બિમારીવાળા આરોપીને અન્ય દિશામાં વાળી દેવાની ઈચ્છનીયતા અને એની સામે જનહિતની રક્ષાની જરૂરિયાત એ બન્ને વચ્ચે સમતુલના જાળવવી જ જોઈએ;

h આરોપીએ જે નુકસાન અથવા ઈજા કર્યાં હતાં તેને દુરસ્ત કર્યાં છે ( પણ આરોપીએ મુકદ્દમાને અથવા દિશાપલટાને ટાળવા ન જોઈએ માત્ર એ કારણસર કે એણે બદલો ભરપાઈ કર્યો છે); અથવા

i બારીક માહિતી જાહેર થાય કે જેને લીધે માહિતીના મૂળને, આંતરરાષ્ટ્રીય સંબંધોને અથવા રાષ્ટ્રીય સલામતીને નુકસાન પહોંચે.

5.11 જનતાનું હિત નક્કી કેવું એ માત્ર દરેક પક્ષના કારણોનો સરવાળોમાં જ નથી. ક્રાઉન પ્રોસીક્યુટરે એ નક્કી કરવાનું હોય છે કે દરેક કેસના સંજોગોના દરેક કારણ કેટલા અગત્યના છે અને પછી આગળ વધીને સમગ્ર આંકણી કરવી.

**ગુનાના ભોગી અને જનહિત વચ્ચેનો સંબંધ**

5.12 સોલીસીટરો જેમ પોતાના ગ્રાહકો થકી કામ કરે તેમ કાઉન પ્રોસીક્યુશન સર્વીસ ગુનાના ભોગી અથવા એમના પરિવાર માટે કામ નથી કરતા. ક્રાઉન પ્રોસીક્યુટરો જનતા માટે કામ કરે છે અને નહીં કે કોઈ એક વ્યક્તિના હિત માટે. જનહિતને ધ્યાનમાં લેતી વખતે , ક્રાઉન પ્રોસીક્યુટરોએ હંમેશાં ધ્યાનમાં લેવું જોઈએ કે મુકદ્દમો કરવો કે નહીં એનું પરિણામ ગુનાના ભોગી માટે શું આવશે અને ગુનાના ભોગી અથવા એના પરિવારના કોઈ મતો હોય તે પણ ધ્યાનમાં લેવા જોઈએ.પરંતુ એનો નિર્ણય તો ક્રાઉન પ્રોસીક્યુટરના હાથમાં છે.

5.13 એ અગત્યનું છે કે ગુનાના ભોગી જે કેસમાં સમાવિત હોય તેના ઉપર કોઈ પણ નિર્ણયથી તેમના ઉપર અર્થપૂર્ણ ફરક પડતો હોય તો તેમને જણાવવું જોઈએ. ક્રાઉન પ્રોસીક્યુટરોએ હંમેશાં નિશ્ચિત કરવું જોઈએ કે તેઓ સ્વીકૃત કાર્યપદ્ધતિને અનુસરે છે.

## 6 થ્રેશહોલ્ડ ટેસ્ટ

6.1 એ થ્રેશહોલ્ડ ટેસ્ટની જરૂરિયાત છે કે ક્રાઉન પ્રોસીક્યુટરો એ નક્કી કરે કે ઓછામાં ઓછી એક વાજબી શંકા તો છે કે શકદારે ગુનો કર્યો છે, અને જો હોય તો , શકદાર ઉપર આરોપ મૂકવો એ જનહિતમાં છે કે નહીં.

6.2 થ્રેશહોલ્ડ ટેસ્ટ એવા કેસોમાં લાગુ પાડવામાં આવે છે કે જેમાં આરોપ મૂક્યા પછી શકદારને જામીન ઉપર છોડવો એ અયોગ્ય થશે, પણ ફુલ્લ કોડ ટેસ્ટ લગાડવા માટે હજી પુરાવા ઉપલબ્ધ નથી.

6.3 શકદાર ઉપર આરોપ મૂકવો કે એને છોડી દેવો એનો નિર્ણય લેવાય તે પહેલાં તેને હવાલામાં કેટલો સમય રાખી શકાય એ બાબત કાયદેસરની સીમાઓ છે. એવા કેસો થશે કે જેમાં શકદારને છોડી દેવામાં આવે તો જામીનનું સારું એવું જોખમ છે , પણ આરોપણનો સમય થાય ત્યારે મોટા ભાગના પુરાવા ઉપલબ્ધ ન પણ હોય. ક્રાઉન પ્રોસીક્યુટરો આવા કેસોમાં મર્યાદિત સમય માટે થ્રેશહોલ્ડ ટેસ્ટ લાગુ પાડશે.

6.4 દરેક કેસમાં પુરાવા બાબતના નિર્ણય માટે અમુક કારણો ધ્યાનમાં લેવાની જરૂર રહેશે, જેમાં સમાવિત છે :

- એ સમયે ઉપલબ્ધ પુરાવા;
- વધારાના જે પુરાવા મેળવવામાં આવે છે તેની શક્યતા અને પ્રકાર;
- પુરાવો ઉપલબ્ધ હશે તેને માનવાનું વાજબીપણુ;
- પુરાવો મેળવવા માટે કેટલો સમય લાગશે તે અને એમ કરવા માટે લેવાતાં પગલાં;
- કેસ ઉપર અપેક્ષિત પુરાવાની અસર;
- એ પુરાવો કયા આરોપોને ટેકો આપશે.

6.5 જનહિતનો અર્થ એ જ કે જે ફુલ્લ કોડ ટેસ્ટ હેઠળ છે, પણ એ આરોપણ સમયે ઉપલબ્ધ માહિતી ઉપર આધારિત હશે કે જે મોટે ભાગે મર્યાદિત હશે.

6.6 આરોપણ કરવું અને જામીનને નામંજુર કરવી એ નિર્ણય અવલોકન હેઠળ રહેવો જ જોઇએ. જે પુરાવો મેળવ્યો હોય તેની નિયમિત આંકણી કરવી જ જોઇએ કે જેથી નિશ્ચિત કરી શકાય કે આરોપ હજી યોગ્ય છે અને જામીનનો વિરોધ સમર્થનીય છે. વાજબી રીતે વ્યાવહારિક હોય તો જેમ બને તેમ જલ્દીથી ફુલ્લ કોડ ટેસ્ટ લગાડવી જોઇએ.

## 7 આરોપોની પસંદગી

7.1 કાઉન પ્રોસીક્યુટરોએ એવા આરોપોને પસંદ કરવા જોઇએ કે જે :

a ગુનાની ગંભીરતા અને માત્રાને પ્રતિબિંબિત કરે;

b કોર્ટને પુરતી સત્તા આપે કે જેથી સજા ફરમાવી શકાય અને યોગ્ય ગુનેગારીના ઠરાવ પછીના હુકમો લાદી શકાય;

c કેસને સ્પષ્ટતાથી અને સાદી રીતે રજુ કરવામાં મદદરૂપ થાય;

આનો અર્થ એ કે ક્રાઉન પ્રોસીક્યુટરો હંમેશાં , જ્યાં સુધી વિકલ્પ હોય ત્યાં સુધી, સૌથી વધુ ગંભીર આરોપને પસંદ ન પણ કરે અથવા ચાલુ રાખે.

7.2 કાઉન પ્રોસીક્યુટરોએ આરોપી થોડા ગુના કબુલ કરે એ માટે પ્રોત્સાહન આપવા જરૂરિયાતથી વધુ આરોપોથી શરૂઆત કદી પણ ન કરવી જોઇએ. એ જ રીતે , આરોપી ઉપર કોઇ વધુ ગંભીર આરોપથી શરૂઆત એ હેતુથી કદી ન કરવી જોઇએ કે એમને કોઇ ઓછો ગુનો કબુલ કરવા પ્રોત્સાહન મળે.

7.3 ક્રાઉન પ્રોસીક્યુટરોએ આરોપની બદલી એ હેતુથી ન કરવી જોઇ કે કોર્ટે અથવા આરોપીએ ક્યાં કેસ સાંભળવામાં આવશે તે બાબત નિર્ણય લીધો હોય.

## 8 મુકદ્દમાથી અન્ય દિશા તરફ જવું

**પુખ્ત વયની વ્યક્તિઓ**

8.1 કોઇ કેસ માટે કોર્ટમાં મકદ્દમો કરવો કે નહીં તેનો નિર્ણય લેતી વખતે , ક્રાઉન પ્રોસીક્યુટરોએ મુકદ્દમાના વિકલ્પોનો વિચાર કરવો જોઇએ. જ્યાં યોગ્ય હોય ત્યાં, માફક આવે એવી પુન:સંસ્થાપક, ક્ષતિપૂરક અથવા પુનરુદ્ધારક ન્યાયક્રિયાઓ ધ્યાનમાં લેવી જોઇએ.

8.2 પુખ્ત શકદારો માટે મુકદ્દમાના વિકલ્પોમાં સમાવેશ છે એક સાદી ચેતવણી અને એક શરતવાળી ચેતવણી.

**સાદી ચેતવણી**

8.3 એક સાદી ચેતવણી ત્યારે જ આપવી જોઇએ ક જ્યારે જનહિત એનું સમર્થન કરે અને હોમ ઓફીસના માર્ગદર્શન પ્રમાણે આપવામાં આવે. જ્યારે એમ લાગે કે આવી ચેતવણી યોગ્ય છે, ત્યારે ક્રાઉન પ્રોસીક્યુટરોએ પુલીસને જણાવવું જ જોઇએ જેથી તેઓ શકદારને ચેતવણી આપી શકે. જો ચેતવણી એ કારણસર ન આપવામાં આવે કે શકદાર સ્વીકારવા ના પાડે છે, તો ક્રાઉન પ્રોસીક્યુટર કેસનું ફરીથી અવલોકન કરી શકે છે.

**શરતી ચેતવણી**

8.4 જ્યારે પ્રોસીક્યુટરને એમ લાગે કે ભલે જનહિત એક મુકદ્દમાનું સમર્થન કરે છે , પણ શકદારનાં, ગુનાના ભોગીનાં અને કોમનાં હિતોની સેવા વધારે એ રીતે થશે કે જો પુન:સંસ્થાપન અને ક્ષતિપૂર્તિ પ્રત્યે હેતુ ધરાવતી યોગ્ય શરતોને શકદાર પૂરી કરે. આમાં પુનરુદ્ધારક ક્રિયાઓનો સમાવેશ થઇ શકે છે.

8.5 ક્રાઉન પ્રોસીક્યુટરોને એ સંતોષ થવો જોઇએ કે દોષિત ઠરાવની શક્યતા પ્રસ્તુત હોઇ શકે તે માટે પુરતો પુરાવો છે અને જનહિત એ વાતનું સમર્થન કરશે કે જો શરતી ચેતવણીનો અસ્વીકાર થાય અથવા ગુનેગાર ચેતવણી માટેની સ્વીકુત શરતોનું પાલન કરવામાં નિષ્ફળ નીવડે.

8.6 પોતાના નિર્ણય ઉપર પહોંચવામાં, ક્રાઉન પ્રોસીક્યુટરોએ શરતી ચેતવણીના કાયદાકાનૂનનું અને ડાયરેક્ટર ઓફ પબ્લીક પ્રોસીક્યુશન્સ દ્વારા બહાર પાડેલા અથવા મંજૂર કરેલા માર્ગદર્શનનું અનુસરણ કરવું જોઇએ.

8.7 જ્યારે ક્રાઉન પ્રોસીક્યુટર એમ માને કે શરતી ચેતવણી યોગ્ય છે , ત્યારે તેમણે પુલીસને અથવા બીજી કોઇ અધિકારી સંસ્થા જે શરતી ચેતવણીનો વહીવટ કરતી હોય તેને જણાવવું જ જોઇએ, અને તે સાથે યોગ્ય શરતી ચેતવણીનો નિર્દેશ પૂરો પાડવો જોઇએ કે જેથી શરતી ચેતવણી આપી શકાય.

**યુવકો**

8.8 જ્યારે ક્રાઉન પ્રોસીક્યુટરો નિર્ણય લે કે મુકદ્દમો જનહિતમાં છે કે નહીં ત્યારે એમણે કોઇ યુવકનું હિત ધ્યાનમાં લેવું જ જોઇએ.પરંતુ, ક્રાઉન પ્રોસીક્યુટરોએ મુકદ્દમાને માત્ર આરોપીની ઉમરને કારણે ન ટાળવો જોઇએ. ગુનાની ગંભીરતા અથવા યુવકની ભૂતકાળની વર્તણુક ઘણી અગત્યની છે.

8.9 યુવકોને સમાવિત કરતા કેસોને સામાન્ય રીતે ક્રાઉન પ્રોસીક્યુશન સર્વીસને નિર્દેશિત તો જ કરવામાં આવે છે કે જો યુવકને ઠપકો અને અંતિમ ચેતવણી મળી ચૂક્યા હોય, સિવાય કે ગુનો એટલો ગંભીર હોય કે આ બન્નેમાંથી કોઇ યોગ્ય ન હોય અથવા તો યુવક ગુનો કર્યાનો અસ્વિકાર કરે. ઠપકાઓ અને અંતિમ ચેતવણીઓનો હેતુ એ છે કે ફરીથી ગુનો ન થાય અને ફરી ગુનો થયો છે તે હકીકત દર્શાવે છે કે કોર્ટની પદ્ધતિઓથી યુવકને અન્ય દિશામાં દોરી જવાના પ્રયત્નો અસરકારક નથી નીવડ્યા. એટલે સામાન્ય રીતે જનહિત માંગશે કે આવા કેસમાં મુકદ્દમો થવો જોઇએ , સિવાય કે મુકદ્દમાની વિરુદ્ધ સ્પષ્ટ કારણો હોય.

**9 મુકદ્દમાની પદ્ધતિ**

**9.1** *ક્રાઉન પ્રોસીક્યુશન સર્વીસ અત્યારનાં માર્ગદર્શનો લાગુ પાડે છે મેજીસ્ટ્રેટોને કે જેમને નક્કી કરવાનું હોય છે કે, ગુનો જ્યારે વિકલ્પ આપે અને આરોપી જ્યારે ગુનાની કબુલાત ન દર્શાવે , ત્યારે કેસને ક્રાઉન કોર્ટમાં ચલાવવો જોઇએ કે નહીં. ક્રાઉન પ્રોસીક્યુટરોએ ક્રાઉન કોર્ટમાં ખટલો ચલાવવાની ભલામણ ત્યારે કરવી જોઇએ કે જ્યારે એમને સંતોષ હોય કે માર્ગદર્શનો એમને એ પ્રમાણે કરવા માટે આદેશે છે.*

**9.2** *કેસને મેજીસ્ટ્રટોની કોર્ટોમાં રાખવા માટે ઝડપ એ એક જ માત્ર કારણ ન હોવું જોઇએ. પણ, ક્રાઉન પ્રોસીક્યુટરોએ એ ધ્યાનમાં લેવું જોઇએ કે કોઇ કેસને ક્રાઉન કોર્ટમાં તેઓ મોકલે તો કોઇ શક્ય ઢીલની શી અસર થશે, અને જો કેસમાં ઢીલ થાય તો તેનાથી ગુનાના ભોગીઓ અને સાક્ષીઓ ઉપર શું દબાણ પડશે.*

**10 ગુનાની કબુલાતની વિનંતીનો સ્વીકાર કરવો**

**10.1** *આરોપીઓ કદાચ બધા ગુનાની કબલાત કરવા ન ઇચ્છે, પણ અમુક ગુનાની જ કબુલાત કરવા ઇચ્છે. અથવા તો, કોઇ જાુદા, ઓછા ગંભીર, આરોપની કબુલાત કરવા ઇચ્છે કારણ કે તેઓ ગુનાના એક ભાગનો જ સ્વીકાર કરે છે. ક્રાઉન પ્રોસીક્યુટરોએ આરોપીની વિનંતીનો સ્વીકાર તો જ કરવો જોઇએ કે જો એમને એમ લાગે કે કોર્ટ ગુનાને અનુરૂપ સજા ફરમાવી શકશે, ખાસ કરીને જ્યારે ત્યાં વધુ ખરાબી કરતાં વિશિષ્ઠ લક્ષણ હોય. ક્રાઉન પ્રોસીક્ટરોએ ગુનેગારીની કબુલાતની વિનંતીનો સ્વીકાર કદી એ કારાણસર ન કરવો જોઇએ કે એ સગવડભર્યું છે.*

**10.2** *વિનંતીઓ સ્વીકાર્ય છે કે નહીં તેની વિચારણા કરતા સમયે , ક્રાઉન પ્રોસીક્યુટરોએ એ નિશ્ચિત કરવું જોઇએ કે ગુનાના ભોગીના હિતો, અને જ્યાં બની શકે ત્યાં, ગુનાના ભોગીના અને એમના પરિવારના મતો ધ્યાનમાં લેવાણા છે , એ નક્કી કરવા કે વિનંતીનો સ્વીકાર કરવો એ જનહિતમાં છે કે નહીં. પરંતુ નિર્ણય તો ક્રાઉન પ્રોસીક્યુટરના હાથમાં જ છે.*

**10.3** *કોર્ટને માટે એ તદ્દન ચોખ્ખું કરવું જોઇએ કે વિનંતી કયા પાયા ઉપર આગળ ધરવામાં અને સ્વીકારવામાં આવી છે. એવા કેસોમાં કે જેમા આંરોપી ગુનાની કબુલાત કરે છે પણ એ હકીકતો ઉપર આધારિત થઇને કે જે ફરિયાદપક્ષના કેસથી જાુદી હોય, અને જ્યાં આને લીધે સજામાં અર્થપૂર્ણ ફરક પડી શકે છે,તેવા કેસોમાં કોર્ટને આમંત્રિત કરવી જોઇએ કે તે શું બન્યું તે સાંભળી શકે અને પછી એ પાયા ઉપર સજા ફરમાવે.*

**10.4** *જ્યાં કોઇ આરોપીએ અગાઉ નિર્દેશ કર્યો હોય કે સજા પસાર કરવામાં આવે તે પહેલાં તે અથવા તેણી કોર્ટને કહેશે કે તે કોઇ એક ગુનાને ધ્યાનમાં લે, પણ એ ગુનાનો સ્વીકાર કરવાની કોર્ટમાં ના પાડે, ક્રાઉન પ્રોસીક્યુટરો એ વિચારણા કરશે કે એ ગુના માટે એક મુકદ્દમાની જરૂર છે કે નહીં. ક્રાઉન પ્રોસીક્યુટરોએ બચાવપક્ષના વકીલને અને કોર્ટને એ સમજાવવું જોઇએ કે એ ગુનાનો મુકદ્દમો એ પુનરાવલોકનનો વિષય બની શકે છે.*

**10.5** *એવી વિનંતીઓ કે જે આરોપીને ફરજિયાત લઘુતમ સજાને ટાળવાને શક્તિમાન બનાવી શકે તેને ધ્યાનમાં લેતા સમયે ખાસ સંભાળ લેવી જ જોઇએ. જ્યારે વિનંતીઓ આપવામાં આવે, ત્યારે ક્રાઉન પ્રોસીક્યુટરોએ એ હકીકત ધ્યાનમાં રાખવી જોઇએ કે અમુક ગુનાઓ માટે ગૌણ હુકમો આપી શકાય છે પણ બીજા ગુનાઓ માટે નહીં.*

**11 સજા પસાર થાય તેમાં પ્રોસીક્યુટરનો ભાગ**

**11.1** *ક્રાઉન પ્રોસીક્યુટરોએ આ તરફ કોર્ટનું ધ્યાન દોરવું જોઇએ :*

- *ફરિયાદપક્ષવાળાના કેસથી ખુલ્લા પડેલા કોઇ વધુ બગાડતા અથવા ઘટાડતા કારણો;*
- *ગુનાના ભોગીનું કોઇ અંગત નિવેદન;*

- જ્યારે યોગ્ય હોય ત્યારે, કોઇ કોમ ઉપર ગુનાની અસરનો પુરાવો;
- મદદરૂપ થઇ શકે એવી કોઇ કાયદેસરની વ્યવસ્થાઓ અથવા સજા બાબતનાં માર્ગદર્શનો;
- કોઇ પ્રસ્તુત કાયદાસરની વ્યવસ્થાઓ કે જેને ગૌણ હુકમો સાથે સંબંધ હોય (જેવી કે અસામાજિક વર્તણુકના હુકમો).

**11.2** બચાવપક્ષવાળાનો ગુનાને ઓછું રૂપ આપવાનો કોઇ પણ દાવો કે જે અચોક્કસ હોય, ખોટું સમજાવે અથવા અપમાનજનક હોય તેને ક્રાઉન પ્રોસીક્યુટરે લલકારવો જોઇએ. જો બચાવપક્ષ એ દાવાને ચાલુ જ રાખે, અને એ સજાને પ્રસ્તુત લાગે, તો કોર્ટને પુરાવો સાંભળીને હકીકતો નક્કી કરવા અને સજા ફરમાવવા આમંત્રિત કરવી જોઇએ.

## 12 મુકદ્દમાને ફરીથી શરૂ કરવો

**12.1** ક્રાઉન પ્રોસીક્યુશન સર્વીસ દ્વારા લેવાએલા નિર્ણયો ઉપર લોકો આધાર રાખી શકે એમ હોવું જોઇએ. સાધારણ રીતે, જો ક્રાઉન પ્રોસીક્યુશન સર્વીસ શકદાર અથવા આરોપીને એમ કહે કે મુકદ્દમો નહીં થાય, અથવા તો મુકદ્દમાને બંધ કરી દેવામાં આવ્યો છે, તો એ વાતનો અંત આવી ગયો, અને કેસ ફરીથી શરૂ નહીં થાય. પણ, એવા ખાસ કારણો છે કે જેને લીધે ક્રાઉન પ્રોસીક્યુશન સર્વીસ મુકદ્દમો ફરીથી શરૂ કરશે ,ખાસ કરીને જો કેસ ગંભીર હોય.

**12.2** આ કારણોમાં સમાવેશ છે :

**a** અપવાદરૂપ કેસો કે જેમાં મૂળ નિર્ણય ઉપર નવું અવલોકન બતાવે છે કે એ સ્પષ્ટ રીતે ખોટો હતો અને એને ચાલુ રહેવા દેવામાં ન આવવો જોઇએ;

**b** કેસો કે જેને અટકાવવામાં આવ્યા છે જેથી વધારે પુરાવા, કે જે નજીકના ભવિષ્યમાં ઉપલબ્ધ બનશે તેને, મેળવી શકાશે અને તૈયાર કરી શકાશે. આ કેસોમાં, ક્રાઉન પ્રોસીક્યુટર આરોપીને કહેશે કે મુકદ્દમો ફરીથી શરૂ થઇ શકે છે; અને

**c** કેસો કે જે અટકાવવામાં આવ્યા છે કારણ કે પુરાવાનો અભાવ છે પણ વધારે પ્રસ્તુત પુરાવો પાછળથી શોધી કાઢવામાં આવ્યો છે.

**12.3** એવા અપવાદરૂપ કેસો પણ હોઇ શકે છે કે જેમાં, કોઇ ગંભીર ગુનામાંથી છુટકારો થયા પછી, ડાયરેક્ટર ઓફ પબ્લીક પ્રોસીક્યુશનની લેખિત સંમતિથી, ક્રાઉન પ્રોસીક્યુટર કોર્ટ ઓફ અપીલને છુટકારાના હુકમને નાબૂદ કરવા માટે અને આરોપી ઉપર ફરીથી ખટલો કરવા માટે, ક્રીમીનલ જસ્ટીસ એક્ટ 2003 ના 10 મા ભાગ મુજબ અરજી કરી શકે છે.

આ કાયદાકાનૂન(કોડ) ( The Code ) એક જાહેર દસ્તાવેજ છે.
આ વેબસાઇટ માંથી ઉપલબ્ધ છે : CPS Website : www.cps.gov.uk

વધુ નકલ અહીંથી મળી શકે છે :

| | |
|---|---|
| ક્રાઉન પ્રોસીક્યુશન સર્વીસ | Crown Prosecution Service |
| કમ્યુનીકેશન્શ બ્રાન્ચ | Communications Branch |
| 50 લુડગેઇટ હીલ | 50 Ludgate Hill |
| લંડન EC4M 7EX | London EC4M 7EX |
| ટેલીફોન : 020 7796 8030 | Telephone : 020 7796 8030 |
| ફેક્ષ : 020 7796 8351 | Fax : 020 7796 8351 |

ઈમેઈલ : Email : publicity.branch@cps.gsi.gov.uk

*બીજી ભાષાઓમાં અનુવાદો અને ઓડીઓ કેસેટ અથવા બ્રેઈલ નકલો ઉપલબ્ધ છે.*

*વધુ માહિતી માટે કૃપયા સંપર્ક સાધો : કમ્યુનીકેશન્શ બ્રાન્ચ (ઉપર મુજબ).*